## જન્મદિને વધામણી



દિનેશભાઈ કેશવલાલ ચૌહાણ
મો. ૯૪૨૭૦ ૧૦૫૫૫



પાર્થ દિપકકુમાર નાયી
મો. ૭૬૦૦૬ ૪૪૫૫૬



પિયુષ વાલજીભાઈ ઠાકોર
મો. ૯૮૨૪૬ ૪૯૧૬૦



મેયાનકુમાર ભખેશભાઈ સોલંકી
મો. ૮૧૪૦૭ ૪૪૧૬૦



સ્તુતિ મજમુદાર
મો. ૯૪૨૯૦ ૨૨૪૮૩

# માઉન્ટ કાર્મેલ શાળામાં આનંદમેળો ઉજવાયો





માઉન્ટ કાર્મેલ શાળામાં શુક્રવારે આનંદમેળો ઉજવાયો હતો જેમાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓએ અવનવી ખાણી-પીણીની વાનગીઓ બનાવી હતી જેવી કે પાણી પૂરી, મન્ચુરીન, ચટણી પૂરી, સેન્ડવીચ વગેરે. ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓએ આકર્ષક રમતોનું આયોજન કર્યું હતું. ડીજે ના તાલે બાળકો ઝૂમ્યા હતા અને હાઉસી જેવી રમતમાં પોતાનું નસીબ અજમાવ્યું હતું. શાળાના દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ ધોરણ ૯ થી ૧૨ના શિક્ષકો અને વિદ્યાર્થીઓની અથાગ મહેનતથી ખુબ જ આનંદ અને ઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફેકલ્ટી ઑફ એજ્યુકેશનમાં સાહિત્યિક કાર્યક્રમ યોજાયો



## સાહિત્યકાર ડૉ. વર્ષાબેન પ્રજાપતિએ લઘુકથાની સંકલ્પના, લાક્ષણિકતાઓ, વાતાવરણ, મનોવૈજ્ઞાનિક પરિસ્થિતિઓ વિશે વિદ્યાર્થીઓને વિગતે વાત કરી

ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ દ્વારા શુક્રવારે ગુજરાતી લઘુકથાનું સ્વરૂપ અને વિભાવના વિશે એક સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સાહિત્યકાર ડૉ. વર્ષાબેન પ્રજાપતિએ લઘુકથાની સંકલ્પના, લાક્ષણિકતાઓ, સંઘર્ષ, વાતાવરણ, મનોવૈજ્ઞાનિક પરિસ્થિતિઓ, ગુજરાતી લઘુકથાનું પ્રસ્થાન કરાવનાર મોહનલાલ પટેલની લઘુકથાઓ, ગુજરાતી સાહિત્યમાં અન્ય લઘુકથાઓની ગતિવિધિ વગેરે વિશે ઝીણવટપૂર્વક રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસ ડિરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ, ડૉ. આર જે વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ આભાર દર્શન પ્રગટ કર્યું હતું.

# રેડિયન્ટ સ્કૂલ ચિત્ર સ્પર્ધામાં ઝળકી



સરગાસણના પ્રમુખનગર વિસ્તારમાં કાર્યરત રેડિયન્ટ સ્કૂલના ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકાર દ્વારા સક્રિય મિનીસ્ટ્રી ઑફ વૉટર રિસોર્સિસ, રિવર ડેવલપમેન્ટ એન્ડ ગંગા રિજ્યુવિનેશન સેન્ટ્ર વોટર કમીશન આયોજિત ઓલ ઈન્ડિયા ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વૉટર રિસોર્સિસ વિષયની આ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીની વૃષ્ટિ પટેલ, વિશ્વા રાવલ, ઋત્વિ કળસરીય, હેતલ બારડે ઉત્કૃષ્ટ દેખાવ કરી અખિલ ભારતીય ક્વિઝ સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. શાળ મેનેજમેન્ટે વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

# જીટીયુ શ્રેષ્ઠ અધ્યાપકોને ‘ટૅક-ગુરુ’ ઍવોર્ડ આપશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા આગામી વર્ષથી જુદી જુદી ફેકલ્ટીમાં શ્રેષ્ઠ દેખાવ કરનારા પ્રોફેસરોને ખાસ પ્રોત્સાહન માટે ટેક ગુરુનો એવોર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યુ છે. તાજેતરમાં મળેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં આ અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જેને આગામી દિવસોમાં બોર્ડ ઓફ ગવર્નન્સ દ્વારા મંજુરી આપવામાં આવ્યા બાદ તેનો આગામી વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૯માં યોજાનારા પદવીદાન સમારંભમાં અમલ કરવામાં આવશે.

રાજયની હવે સૌથી મોટી ગણાતી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં હાલમાં અંદાજે ૫૦૦થી વધારે કોલેજો જોડાયેલી છે. યુનિવર્સિટીનું વ્યવસ્થિત સંચાલન થઈ શકે તે માટે યુનિવર્સિટીના કાર્યભારને પાંચ ઝોનમાં વહેચી દેવામાં આવ્યો છે. દરેક ઝોનમાં આવેલી કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકોને પ્રોત્સાહન મળી રહે તે માટે હવે આગામી વર્ષથી પ્રોફેસરોને શ્રેષ્ઠ ટેકનોલોજી ગુરુ એટલે કે ટેક-ગુરુ નો એવોર્ડ એનાયત કરવામાં આવશે. ઈજનેરી, ફાર્મસી સહિતની જુદી જુદી પાંચ ફેકલ્ટીમાં સારો દેખાવ કરનારા પ્રોફેસરોની પસંદગી કરીને તેમને યુનિવર્સિટીના કોન્વોકેશનમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવશે. આગામી દિવસોમાં મળનારી બોર્ડ ઓફ ગવર્નન્સની બેઠકમાં આ નિર્ણયની જાહેરાત કરવામાં આવશે. જો કે, આ વખતે -ડિસેમ્બર-જાન્યુઆરીમાં યોજનારા પદવીદાન સમારંભમાં આ અંગેની જાહેરાત કરાશે. જેના કારણે આખુ વર્ષ કઈ ફેકલ્ટીમાં કયા પ્રોફેસરોએ કેવી કામગીરી કરી છે તેનુ આખુ વર્ષ મુલ્યાંકન કરવામાં આવશે.

# વૃત્તિ, પ્રવૃત્તિ, પ્રકૃતિની લયબદ્ધતા તૂટી છે




સમાજ એ આપણી સંખ્યાનો માત્ર સરવાળો નથી, તેમાં પ્રત્યેક વ્યક્તિનું આગવું પ્રદાન યા યોગદાન રહેલું હોય છે. દરેક માણસ ઈશ્વરની અનુપમ કૃતિ છે અને દેખાવ, વિચાર, વર્તન સહિત સ્વયં આ બધામાં ભિન્નતા હોવાથી સમાજ વૈવિધ્યતાપૂર્ણ બની જાયછે. સજીવ સૃષ્ટિના સર્જનકર્તાની એ પ્રકારની રચના છે કે આ વિશ્વ પારસ્પરિક સહકારથી એક પરિવારની જેમ ચાલતું રહે પરંતુ સમય જતાં લોકોની જિજ્ઞાસા, જોમ, જરૂરત, જઝબાતના કારણે પ્રગતિના માર્ગે આગળ વધતાં વધતાં હજારો વિટંબણાઓ ઊભી થઈ ગઈ છે. વિકાસની અવિરત શોધમાં અને પ્રયાસોમાં નિજી સ્વાર્થ ઉમેરાઈ જતાં વૈશ્વિક અસ્તિત્વ હવે તો જણે કે ખતરામાં આવી ગયું છે. મારું અને તમારું એ પ્રકારનું વૈચારિક વલણ આપણા સહજીવનમાં હોવું એ નવાઈની વાત નથી પરંતુ આપણું જે કાંઈ હોય તે પરત્વે વસુધૈવ કુટુંબકમની ભાવના ચરિતાર્થ થઈ નથી. સમયના વહેતા પ્રવાહમાં વિવિધ પ્રકારના સંગઠનો ઊભા થયા, વાદ-પ્રતિવાદ વધ્યા અને તેમાંથી જન્મ લીધો ઉગ્રવાદે, આતંકવાદે અને નિકંદન નીકળી જાય તેવાં શત્રુભાવે. ભગવાન શ્રીકૃષ્ણે પ્રાણી માત્રને સુરક્ષાનું વચન આપ્યું છે. કેમ કે એ ભક્તવસ્તલ, કરૂણાસાગર છે. પરંતુ સાથે એ પણ જણાવ્યું છે કે તમારા કર્મથી જે કંઈ થાય તે માટે હું કશું નહીં કરી શકું. કર્મપ્રધાન વિશ્વ છે અને કર્મ માટે શરૂઆત વૃત્તિથી થાય છે. વૃત્તિ બદ જ જરૂરી લગાતી પ્રવૃત્તિ માણસ કરવા માટે આગળ વધે છે. પ્રવૃત્તિ હકારાત્મક હોયો કે નકારાત્મક એ પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય એવું કહેવામાં આવે છે. સભ્ય સમાજ સ્વયંભૂ ઉત્તમ બની જતો નથી. આદર્શો અને ઉમદા વ્યક્તિત્વના આધાર મળે તો પેઢી દર પેઢી જરૂર ઉત્તમ સ્થિતિનું નિર્માણ થતું જ હોય છે. હવે પ્રશ્ન ત્યાં જ વિકટ બને છે કે આ તબક્કે કોણ જવાબદાર હોય છે ? વૃત્તિ-પ્રવૃત્તિ સાનુકૂળ બની રહે તે જોવાની માનસિકતા કોની ? પ્રત્યેક ઘર, પ્રત્યેક શાળા, સંસ્થા, કામ કરનારા સહકર્મીઓ તથા આધ્યાત્મિક ક્ષેત્રના આગેવાનો કે સંતો - આ બધા જ લોકોની સમયાનુસાર જવાબદારી રહેલી છે. વિશ્વ અતિ આબાદીથી તથા પ્રશ્નોથી ઘેરાતું જાય છે. ઘરમાં સંતાનો માટે માબાપ તો જણે નાણાં ધિરનારની ભૂમિકામાં આવી ગયા છે. તેઓ પાસે સમય પણ નથી એટલે બાળપણથી જ સ્નેહનો દુષ્કાળ પડ્યો છે, જે ભાવિ નાગરિકની વૃત્તિની કક્ષાને અસર કરે જ છે. શિક્ષણ ક્ષેત્રમાં જ્યાં બાળક જાય છે ત્યાં પણ હાલત સારી નથી. ગુરુજનો અને વિદ્યાર્થીઓની શિષ્ટ ભાવના, વ્યવહાર કે અનુશાસન પહેલ જેવા ઉમદા રહ્યાં નથી, જેના કારણો ઘણા છે. ભાર વિનાનું ભણતર અમલી થઈ શક્યું નથી. ઉપરાંત ફી પુષ્કળ વધતી જાય છે. આ રીતે શિક્ષણથી વંચિત પણ હવે થઈ રહેલાં બાળકો વધ્યાં છે. નાણાં વગરની દુનિયા તો થઈ શકી નથી. આવક સથે આદરને જોડવાની વૃત્તિ તદન ભાવહિન અને શૂન્યતા સર્જક છે. કમાણી કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ નથી તો માનવીય ગુણોનું મૂલ્ય શૂન્ય - આ પ્રકારની એક વિચારધારાથી સમાજ દુખી થઈ રહ્યો છે. મનમાં પવિત્રતા અને પાયામાં નીતિ હોય તો જીવનમાં પરીક્ષા આવી શકે પરંતુ સમસ્યા તો નહીં જ આવે તે નક્કી છે.

હાલની સ્થિતિમાં માનવીની વૃત્તિ, પ્રકૃતિ તેની યોગ્યતા મુજબ કરવાની જરૂર છે પરંતુ આર્થિક ક્ષેત્રમાં જોબની શક્યતા નહિવત થઈ રહી છે, આપણું અર્થતંત્ર હાલ નવસર્જન રાષ્ટ્રની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે. નોટબંધી, ક્ષેત્રિય અસંતુલન, જીએસટી રિફોર્મ, બેન્કિંગનું વિલીનીકરણ, એનપીએ વગેરે કારણોસર ટૂકાગાળામાં સ્થિતિ વિકૃત થઈ છે. પણ લાંબા ગાળે આંતરરાષ્ટ્રીય કક્ષાની રેટીંગ એજન્સીઓ સારા પરિણામ માટે અપેક્ષા જાહેર કરી રહી છે. ભારતમાં બધું હોવા છતાં જાણે કંઈ જ રહ્યું નથી તેવી સ્થિતિ દેખાય છે. મલતબ કે વૃત્તિ-પ્રકૃતિ પ્રવૃત્તિની સાથે લયબદ્ધતા સાધી શકતી નથી. નૈતિકતા મોંઘવારીના મારથી મરી જાય તેને કોઈ મરણ કહેતું નથી. પ્રેમ વિનાનાં લગ્નોથી થતા પરિણય સમાજને દંભી ગૃહોમાં તબદિલ કરે છે છતાં કજોડા દેખાતાં નથી. નથી નથીની લ્હાયમાં જે થોડું ઘણું મળેલું છે તેની કિંમત રહેતી નથી, તેથી આત્મહત્યા વધી છે. સામાજિક જે અજંપો અને રોષ છે તેના પાયામાં પણ આર્થિક કારણો વધુ જોવા મળે છે. પોતાની જવાબદારી નિભાવવી એ ધર્મનો અંશ છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે પવિત્ર મન અને ઉમદ વૃત્તિ એ તીર્થ સમાન છે. શ્રદ્ધનં સ્થાનકો જે કોઈ છે ત્યાંથી અણગમતું બધું જાહેર થાય ત્યારે લોકોને દિલથી આઘાત થયા છે. ધર્મના નામે ઐયાશી કરનારાઓ કઈ સારી વૃત્તિ કે પ્રવૃત્તિના સર્જક બની શકે ? ખાઓ, પીઓ ને મોજ કરોની નીતિમાં સમાજ તેની શક્તિ ગુમાવતો જ હોય છે. જીવનનું અસ્તિત્વ સ્વયં માટે નથી, બીજાને માટે કંઈક કરવાનો વિચાર એ ઈશ્વરીય હેતુ હોય છે. પર કાજે કંઈ કરનારનું જીવન ધન્ય બને છે. મન તથા ચિત્તની શુદ્ધિથી વૃત્તિ સ્વયં ઈચ્છનીય બનતી હોય છે. દિલથી જે ધારણ થાય તેમાં દંભ હોવો જોઈએ નહીં. અંતઃકરણમાં ઋજુતાનો ઉદય થાય તો ઉગ્રતાનો નાશ આપમેળે થઈ જાય છે. ઘરના ખૂણામાં રહેલા શ્રદ્ધેય સ્વરૂપ સામે રોજ સંકલ્પ થાય કે હું ઉમદા વૃત્તિ ધરાવનાર માણસ થઈ બીજાનું ભલું કરું તેવી શક્તિ આપજો. આ પ્રાર્થના ઉપરવાળ સુધી પહોંચે અને રાષ્ટ્રનું પણ ભલું થાય એવી અપેક્ષાા.

**શેર આસ્વાદ**

જિન્હેં મહેસૂસ
ઈન્સાનોં કે રંજો ગમ નહીં હોતે
વો ઈન્સાન ભી હરગીઝ
પથ્થરોં સે કમ નહીં હોતે






(૧) તાજેતરમાં નેશનલ એન્ટી પ્રોફિટરેયિંગ ઓથોરિટીના નવા ચેરમેન કોણ બન્યા છે ?
(એ) બી એન શર્મા
(બી) પ્રિતમસિંહ
(સી) પ્રદિપ ખરોલા
(ડી) મહેશ વર્મા

(૨) તાજેતરમાં રાષ્ટ્રીય અભિલેખાગારના મહાનિર્દેશક પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) પ્રિતમ શર્મા (બી) પ્રતિમસિંહ
(સી) રવિ શર્મા (ડી) રાજીવ સિંહ

(૩) તાજેતરમાં કોની એર ઈન્ડિયાના અધ્યક્ષપદે નિયુક્ત કરવામાં આવી છે ?
(એ) પ્રદિપસિંહ ખરોલા (બી) રાજીવ સિન્હા
(સી) નવીન દશેમા (ડી) નરહરિ શર્મા

(૪) રોહિંગ્યા મુદ્દે કોની પાસેથી ઓક્સફર્ડ સન્માન પાછું લેવામાં આવ્યું છે ?
(એ) થિએન સેન (બી) ચાઉ એન આઈ
(સી) આંગ સાન સૂકી (ડી) લી એન ચાઉ

(૫) સૌભાગ્ય યોજના કયા રાજ્યમાં શરૂ કરવામાં આવી છે ?
(એ) ઓડિસા (બી) કેરલ
(સી) મેઘાલય (ડી) મણિપુર

(૬) અમેરિકાએ કેટલ મુસ્લિમ દેશો માટે નવી વિઝા પોલિસી જાહેર કરી છે ?
(એ) ૨ (બી) ૬
(સી) ૧૦ (ડી) ૪

(૭) તાજેતરમાં હેદરબાદના નગોલેથી મિયાપુર વચ્ચે કેટલા કિલોમીટર લાંબી મેટ્રો રેલ સેવાનું ઉદ્ઘાટન કરાયું છે ?
(એ) ૩૦ (બી) ૨૦
(સી) ૧૦ (ડી) ૫

(૮) તાજેતરમાં જી-૨૦માં ચર્ચા માટે ભારતના નવા શેરપા તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) રઘુરામ રાજન (બી) મનોજ સિંહા
(સી) શક્તિકાંત દાસ (ડી) રાજીવ કુમાર

(૯) તાજેતરમાં ભારતે કયા દેશ સાથે હવાઈ સેવા અંગે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે ?
(એ) ફિઝી (બી) આઈસલેન્ડ
(સી) ગ્રીસ (ડી) જાપાન